सत्यमेव जयते

# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/

150 YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક: યોજના/મોમો ચેલેન્જ/૨૦૧૮/૪૯૮ તા.૦૪/૧૨/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી
માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
જિ. ભાવનગર

વિષય : ઓનલાઇન રમાતી ખતરનાક મોમો ચેલેન્જ રમતને તાત્કાલિક અસરથી પ્રતિબંધિત જાહેર કરવામાં આવે અને લોકજાગૃતિ કેળવવા વિવિધ ઉપાયો કરવા જાહેરહિતમાં વિનંતી બાબત.

સંદર્ભ : કમિશ્નર શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્રાંક માધ્ય/પરચ/૨૦૧૮/૨૭૭૭૭-૮૧૦. તા.03/૧૨/૨૦૧૮

ઉપરોક્ત વિષય સંદર્ભે જણાવવાનું કે ઓનલાઇન રમાતી ખતરનાક મોમો ચેલેન્જ રમતને તાત્કાલિક અસરથી પ્રતિબંધિત જાહેર કરવામાં આવે અને લોકજાગૃતિ કેળવવા વિવિધ ઉપાયો કરવા અંગે નિયમોનુસારની કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.

બિડાણ: સંદર્ભદર્શિત પત્રની નકલ

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

નકલ રવાના અમલવારી સારૂ:
શિ.ની.શ્રી/મ.શિ.ની.શ્રી
સદર કચેરી

Scanned by CamScanner

ક્માંક/માધ્ય/પરચ/૨૦૧૮/ 21777-810
કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા. 03/૧૨/૨૦૧૮

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી
તમામ

વિષય : ઓનલાઇન રમાતી ખતરનાક મોમો ચેલેન્જ રમતને તાત્કાલિક અસરથી પ્રતિબંધિત જાહેર કરવામાં આવે અને લોકજાગૃતિ કેળવવા વિવિદ ઉપાયો કરવા જાહેરહિતમાં વિનંતી બાબત

સંદર્ભ : ચંદ્રવદન ધ્રુવ નો તારીખ ૦૫/૧૦/૧૮ નો પત્ર

ઉપરોક્ત વિષત તથા સંદર્ભ દર્શીત પત્ર અન્વયે જણાવવાનું કે , આપની તાબા હેઠળની શાળાઓમાં ઓનલાઇન રમાતી ખતરનાક મોમો ચેલેન્જ રમતને તાત્કાલિક અસરથી પ્રતિબંધિત જાહેર કરવામાં આવે અને લોકજાગૃતિ કેળવવા વિવિધ ઉપાયો કરવા અંગે નિયમોનુસારની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે .

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર

બીડાણ : ઉપર મુજબ

498

Scanned by CamScanner

ચંદ્રવદન ધ્રુવ
૨૦૭, ધનલક્ષ્મી ચેમ્બર્સ,
પોલીસ કમિશ્નર કચેરીની બાજુમાં
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૪.
ફોન / ફેક્સ : ૦૭૯-૨૫૬૩૨૭૫૧
ઈ-મેઈલ: chandravadandhruv.org@gmail.com

પત્રક્રમાંક : ૨૭૩૮/ઓકટો/૨૦૧૮
તા. ૦૫-૧૦-૨૦૧૮

પ્રતિ,
માન.ચેરમેનશ્રી
ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગ
જૂના સચિવાલય, ગાંધીનગર

પ્રતિ,
માન. અગ્ર સચિવશ્રી,
પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વિભાગ
બ્લોકનં-૫,નવા સચિવાલય,
ગાંધીનગર

પ્રતિ,
માન. પ્રાથમિક શિક્ષણનિયામકશ્રી,
પ્રાથમિક શિક્ષણનિયામકની કચેરી,
જૂનાસચિવાલય, ગાંધીનગર
ગાંધીનગર

ઈ.ક. :- ૯૨
શાખા :-
OCT 2018
૫૮૩૩૦૩
શિક્ષણ વિભાગ
નવા સચિવાલય, ગાંધીનગર

વિષય : ઓનલાઈન રમાતી ખતરનાક મોમો ચેલેન્જ રમતને તાત્કાલિક અસરથી પ્રતિબંધિત જાહેર કરવામાં આવે અને લોકજાગૃતિ કેળવવા વિવિધ ઉપાયો કરવા જાહેરહિતમાં વિનંતી બાબત.

માન. મહોદયશ્રી,

આપશ્રીને અમો અરજદારની રજૂઆત એવી છે કે, બ્લૂ વ્હેલની જેમ જ વોટ્સએપ પરથી શરૂ થતી "મોમો ચેલેન્જ" જીવલેણ રમત સાબિત થઈ રહી છે આ રમતમાં જોડાઇ છે તે વ્યકિતને મુશ્કેલ ચેલેન્જ અપાય છે જેનો અંત સંબધિત ખેલાડીની આત્મહત્યા સાથે આવતો હોય છે. દુનિયાભરમાં ફેલાયેલી મોમો ચેલેન્જ ગેમે ભારતમાં પણ પગ પેસારો કર્યો છે. આ ગેમમાં વોટ્સએપ દ્વારા લોકોને તેની લિંક અને આમંત્રણ મોકલાય છે, તેમાં ખેલાડીઓને જાપાની કલાકાર મિડોરી હયાશીની એક કલાકૃતિ મોકલાઈ રહી છે. જે એક બિલાડીનો સ્કેચ છે. જેનુ મોઢુ ખતરનાક બાળકીનુ હોય તેના પરથી પ્રેરણા લઈને બનાવાયુ છે. આ આંખ મોમો જેવી લાગી રહી છે તેથી તે મોમો ચેલેન્જ તરીકે ઓળખાઈ છે. મોમો એ એક કાલ્પનિક પાત્ર છે. આ રમત માટે અજ્ઞાત નંબરેથી જે યુવાનોને આમંત્રણ મોકલાઈ રહ્યા છે તેમાં કેટલાય સંકેત હોય છે. આ સંકેતને ન માને તો તેમને વધુ હિંસક તસવીરો મોકલવાની ધમકી અપાય છે. દેશમાં સૌ પ્રથમ રાજસ્થાનના અજમેરની ૧૫ વર્ષની છોકરીએ આત્મહત્યા કરી હતી. જેની પોલિસ તપાસમાં આત્મહત્યાનું કારણ મોમો ચેલેન્જ ગેમ નોંધાયુ હતુ. તાજેતરમાં પશ્ચિમ બંગાળમાં એક યુવક અને એક યુવતીના મોત થયા છે જે સંભવત મોમો ચેલેન્જ સ્વીકારીને આત્મહત્યા કરી હોવાનું પોલિસને શંકા છે. આ રમતનું સંચાલન

..(૨)

Scanned by CamScanner

2

કરનારા લોકોના નંબર હેક કરીને આમંત્રણ મોકલી રહ્યા છે. તે લોકોને બીજી સોશિયલ નેટવર્કીંગ સાઇટો દ્વારા પર પણ બ્લેકમેઇલ કરાય છે. આ ખૂની ખેલમાં વોટ્સએપનો પણ વધુ ઉપયોગ થતો હોય છે. આજકાલ જ્યારે મોટા ભાગના ટીનેજર્સ પાસે મોબાઇલ હોય છે. ત્યારે આ પ્રકારની ખતરનાક ચેલેન્જ ગેમોમાં બાળકોને આસાનીથી શિકાર બનાવી દેવામાં આવતા હોય છે. આ માટે વાલીઓએ ખૂબ સાવધાની રાખવાની જરૂર હોય છે. શાળામાં ભણતા બાળકોને પણ કઇ રીતે સાવચેતી રાખવી તેની જાણકારી આપવી ખૂબજ જરૂરી છે. પ્રસ્તૃત પ્રકરણમાં કોઇપણ પ્રકારની બેદરકારી દાખવવામાં આવશે તો દેશના વિવિધ રાજયોમાં વધુ લોકો મોમો ચેલેન્જનો ભોગ બની શકવાની શકયતાઓ રહેલી છે.

પ્રસ્તૃત પ્રકરણમાં અમો અરજદારની રજૂઆત એવી છે કે,

**સોશીયલ મીડિયાના માધ્યમથી ફેલાતી ખતરનાક મોમો ચેલેન્જ ગેમને સંપૂર્ણ પ્રતિબંધિત જાહેર કરવામાં આવે અને બાળકો તેનો ભોગ ન બને તેના માટે લોકજાગૃતિ કેળવવામાં આવે ઉપરાંત ઓનલાઈન રમતો પર અંકુશ રાખવા માટે સરકારશ્રી દ્વારા ગાઈડલાઈન બનાવી તેનો અમલ થાય તેવા પ્રયત્નો જાહેરહિતમાં તાત્કાલિક કરવામાં આવે,**

અમો અરજદાર સામાજીક કાર્યકર છીએ અને જાહેરહિતને કેન્દ્ર સ્થાને રાખી કરેલ ઉપરોકત રજૂઆતને ગંભીરતાપૂર્વક ધ્યાને લઇ તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી નમ્ર અરજ કરીએ છીએ. આપની કચેરી કક્ષાએથી જે કોઇ કાર્યવાહી થાય તેની એક નકલ અમો અરજદારને મળી રહે તેવી પણ વિનંતી છે.

અરજદાર

ચંદ્રવદન ધ્રુવ

કમિશ્નર શાળાઓની કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
13 NOV 2018
આ.વ. 12913

ક્રમાંક: પરચ-૧૩૨૦૧૮/ ૫૩ /ર.ર
શિક્ષણ વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા. ૩/૧૨/૨૦૧૮

પ્રતિ,

- નકલ જાણ અને જરૂરી કાર્યવાહી સારૂ રવાના-
- શિક્ષણ વિભાગ હસ્તકના સર્વે ખાતાના વડાઓ તરફ નકલ કાર્યવાહી સારૂ રવાના.

આપનો વિશ્વાસુ

(આર.જે.દેસાઇ) ૩-૧૨-૧૮
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

31383
14/11/18

Scanned by CamScanner